કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતે આઈ.ટી. કન્સલટન્ટની ૦૧ જગ્યા ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક-નવબ/૧૦૨૦૨૦/૭૧૧/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા- ૨૭/૦૫/૨૦૨૧.

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી(આ.વિ.)ની કચેરી, ગાંધીનગરનો તા-૨૯/૧૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:ટીડી/મકમ /૧/ફા.નં૪૩૭૪/૨૦૨૦/૭૫૧૮

**પ્રસ્તાવના:**

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ કચેરીમાં સરકારશ્રી દ્વારા ચાલતા વિવિધ પોર્ટલ જેમ કે સી.એમ.ડેશબોર્ડ, પી.જી.પોર્ટલ, સાથી પોર્ટલ, આઈ.ટી.કમિટિની અગત્યની મીટીંગોમાં આઈ.ટી. ને લગતી જરૂરી કામગીરી અર્થે આઈ.ટી.નો ટેકનીકલ અનુભવ અને જાણકારી ધરાવતા ૦૧(એક) આઈ.ટી.કન્સલટન્ટની તાત્કાલિક જરૂરિયાત છે. જેથી કચેરીની આઈ.ટીને લગતી તથા સરકારશ્રી દ્વારા ચાલતા વિવિધ અગત્યના પોર્ટલમાં અગત્યના ડેટા અપડેટ કરવા જેવી કામગીરીમાં સરળતા અને સમયસર પહોંચવા માટે કમિશનર, આદિજાતિ વિકાસની કચેરીમાં આઈ.ટી. કન્સલટન્ટની ૦૧ જગ્યા ૧૧ માસના કરારના ધોરણે ઉભી કરવા વંચાણે લીધા ક્રમાંક (૧) થી નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, કમિશનર, આદિજાતિ વિકાસની કચેરીમાં G.I.L માન્ય એજન્સી મારફત આઈ.ટી. કન્સલટન્ટની ૦૧(એક) જગ્યા રૂ. ૧૮,૦૦૦/- પ્રતિ માસના પગારે આઉટસોર્સથી

ઉભી કરવા માટેની રૂ. ૨.૧૬ લાખની નવી બાબતનો નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૮) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતાં પહેલાનાં એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાનાં નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાં વિભાગના તા.૨૨/૦૬/૧૯૯૪ના પરિપત્ર ક્રમાંક:- ખરચ/૧૦૯૪/૨૬૦/ઝ.૧, તા.૨૦/૦૫/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૯૬/ઓ-૬૪૫-ઝ.૧, તા.૦૯/૦૯/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૯૮/૭૦૪/(૫૮)/ઝ.૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૨૦૧૦/૧૧૮/ઝ.૧ અનુસારની તેમજ વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૫) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ "માંગણી નં.-૯૩, આયોજન, મુખ્ય સદર -૨૨૨૫ અનુ,.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ , પેટા મુખ્ય સદર- ૦૨ અનૂસૂચિત જનજાતિઓનું કલ્યાણ , ગૌણ સદર- ૦૦૧- વિગતવાર સદર- ૧-વીકેવાય-૫૩-વહીવટી તંત્રને સંગીન બનાવવું" હેઠળ ચાલુ વર્ષની નાણાકીય જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૬/૦૪/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે.આર.ડોડીયા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.